યુનિવર્સિટીમાં કોમન એક્ટ 2023નો સ્ટેચ્યુટ મંજૂર થતાં નવા નિયમો અંતર્ગત

ઉ.ગુ. યુનિવર્સિટી દ્વારા કોમન એક્ટના સ્ટેચ્યુટ આધારે ઓર્ડિનન્સ તૈયાર કરાશે

સ્ટેચ્યુટ આધારિત નવી કમિટીઓની રચના માટેની કાર્યવાહી શરૂ થશે

ભાસ્કર ન્યૂઝ | પાટણ

હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીમાં કોમન એક્ટ 2023નો સ્ટેચ્યુટ મંજૂર થતાં નવા નિયમો અંતર્ગત વહીવટી કામગીરી કરવા માટે સૌ પ્રથમ ઓર્ડિનન્સ તૈયાર કરવામાં આવશે. જેના આધારે સમગ્ર યુનિવર્સિટીમાં વહીવટ અને કાર્ય થશે.

રાજ્ય સરકાર દ્વારા 31 જુલાઈના રોજ કોમન એક્ટ અંતર્ગત સ્ટેચ્યુટ ગેજેટ દ્વારા જાહેર કરીને અમલમાં મૂકવામાં આવતા હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીમાં પણ સ્ટેચ્યુટ અમલમાં આવ્યો છે. સ્ટેચ્યુટ આધારિત ઉત્તર ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ યુનિવર્સિટીમાં વહીવટી કામગીરી ઉપરાંત નવા નિયમો સાથેનો ઓર્ડિનન્સ તૈયાર કરવા માટેની કામગીરી શરૂ કરવામાં આવશે. આ ઓર્ડિનન્સ ના આધારે જ આગામી તમામ વહીવટી કાર્ય પદ્ધતિ ચાલશે. ઉપરાંત સ્ટેચ્યુટ આધારિત યુનિવર્સિટીમાં કામગીરી માટે બાકી રહેલ એકેડમી, બિલ મંજૂરી, બોર્ડ ઓફ ડીન જેવી વિવિધ અલગ અલગ કામ માટેની 35થી 40 કમિટીઓની રચના કરવાની હોય સભ્યોની નિમણુક કરી કમિટી રચના કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવનાર છે. તેવુ રજિસ્ટ્રાર ડૉ.રોહિત દેસાઈએ જણાવ્યુ હતું.

પંચાસર નજીક બે બાઈક વચ્ચે અકસ્માત 28 વર્ષીય યુવકનું મોત

ભાસ્કર ન્યૂઝ | પાટણ

પંચાસર નજીક બે બાઈક વચ્ચે અકસ્માતમાં 28 વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું.

પાટડી તાલુકાના સલી ગામના શ્રવણ અને સુરેશભાઈ બાઈક લઈ પંચાસરથી ઝાઈયાણા રોડ પર પસાર થઈ રહ્યા હતા સામે થી પંચાસર ગામના સંજયભાઈ જયંતીભાઈ ઠાકોર બાઈક લઈને આવી રહ્યા હતા તે વખતે પંચાસર નજીક બંને બાઈક વચ્ચે સામ સામે ગમખ્વાર અકસ્માત થતાં શ્રવણને ગંભીર ઈજા થતાં મોત થયું હતું.

થરાદના ગણતામાં મંદિરમાં ચોરી કરનારા 4 શખ્સો દબોચી લેવાયા

પોલીસે કુલ રૂ. 5,57 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

ભાસ્કર ન્યૂઝ | થરાદ

થરાદ તાલુકાના ગણતા ગામે ગોગ મહારાજના મંદિરમાં ચોરી થઈ હતી. જેનો ભેદ ઉકેલી બનાસકાંઠા એલસીબી અને થરાદ પોલીસે ચાર શખ્સોને ઝડપી લીધા હતા. જેમની પાસેથી રૂપિયા 5.57 લાખનો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

થરાદ તાલુકાના ગણતા ગામે ગોગ મહારાજના મંદિરમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલવા માટે બનાસકાંઠા એલસીબી તેમજ થરાદ પોલીસની ટીમે તપાસ હાથ ધરી હતી. જેમાં ચોરી કરનારા રાજસ્થાનના શિરોહી તાલુકાના ગોયલીનો રમેશકુમાર શાંતિલાલ સોની, પીંડવાડા તાલુકાના માલપનો સોનારામ હંસારામ ગરાસીયા, ગોગુન્દ્રા તાલુકાના બિલીયાનો મીઠારામ નાનારામ ગરાસીયા અને બાલીવાળા તાલુકાના ભીમાણાનો પિતારામ ભગારામ ગરાસીયાને ઝડપી લેવાયા હતા. જેમની પાસેથી ગોગ મહારાજની મૂર્તિ, છત્ર, પારણું, ત્રિશુળ, નાની મૂર્તિઓ મળી કુલ રૂપિયા 5,57,644નો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

બ્યુટી પાર્લર સંચાલિકાને વાતોમાં ભેળવી સોનાનું મંગળસૂત્ર અને વીંટી કાઢી લીધી

મહેસાણાના મોઢેરા રોડ પરની સોસાયટીમાં ધોળેદહાડે બનેલી ઘટના

ભાસ્કર ન્યૂઝ | મહેસાણા

પોતાના મકાનમાં બ્યુટી પાર્લર ચલાવતી મહેસાણાની મહિલાને હવન પ્રસંગે સાત બહેનોને તૈયાર કરવાની છેનું કહી વાતોમાં ભેળવી તેમના ગળામાંથી સોનાનું મંગળસૂત્ર અને વીંટી કાઢી લીધી હતી અને પાકીટમાં મુકેલા રૂ.5500 મળી રૂ.70,500ની મત્તા ચોરી ત્રણેય મહિલાઓ છૂમંતર થઈ ગઈ હતી.

મહેસાણાના મોઢેરા રોડ પર આવેલી રોયલનગર સોસાયટીમાં રહેતાં સોનલબેન તુષારભાઈ પટેલ તેમના મકાનમાં જ 12 વર્ષથી ખોડિયાર બ્યુટી પાર્લર ચલાવે છે. 28 જુલાઈના રોજ ત્રણ અજાણી મહિલાઓ તેમના પાર્લરમાં આવી હતી અને અમારા ઘરે હવન પ્રસંગ હોવાથી સાત બહેનોને તૈયાર કરવાની છેનું કહેતાં તેમણે તેમનું નામ સરનામું પૂછ્યું હતું. ત્રણેય મહિલાઓએ તમે ગંગાસાગર સોસાયટીની બાજુ જોગણી માતાના મંદિરે દર્શન કરવા આવો છો કે નહીંનું કહી તેમને વાતોમાં ભેળવી નજર ચૂકવી તેમના ગળામાં પહેરેલું રૂ.50 હજારનું સોનાનું મંગળસૂત્ર અને હાથમાં પહેરેલી સોનાની વીંટી તેમજ પાકીટમાં મૂકેલા રૂ.5500 ચોરી લીધા હતા.

ધોળેદહાડે બપોરે અઢી વાગે પોતાના મકાનમાં જ બનેલી ઘટના અંગે સોનલબેન પટેલે બી ડિવિઝન પોલીસ મથકમાં રૂ.70,500 ની મત્તાની ચોરી અંગે ત્રણ મહિલાઓ સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે સીસીટીવી આધારે તપાસ હાથ ધરી છે.

મહેસાણામાં ચાલતાં ઘરે જતાં આધેડનું વાહનની ટક્કરે મોત

ભાસ્કર ન્યૂઝ | મહેસાણા

મહેસાણા શહેરમાં ચાલતા ઘરે જઈ રહેલા આધેડને વારાહી મંદિર નજીક અજ્ઞાત્યા વાહને ટક્કર મારતાં દેવાંશકુમાર કીરીકભાઈ ઠાકરના કાકા યોગેશભાઈ સારવાર દરમિયાન ચાર દિવસ પછી મોત નીપજ્યું હતું. ભત્રીજાની ફરિયાદને આધારે એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મહેસાણામાં કામના બહાને યુવકોને હનીટ્રેપમાં ફસાવતી ગેંગનો પર્દાફાશ, મહિલા સહિત 3 ઝબ્બે

મહેસાણાની સોસાયટીમાં લઈ જઈ યુવતી સાથે વીડિયો બનાવી બ્લેકમેલ કરી 1 લાખ ખંખેર્યા

ભાસ્કર ન્યૂઝ | મહેસાણા

મહેસાણાના રાધનપુર રોડ પર આવેલી નાગરાજ નગર સોસાયટીમાં મકાન ભાડે રાખી યુવકોને યુવતીઓ સાથે સેક્સ કરવાની લાલચ આપી મકાન સુધી લઈ જઈ યુવતી સાથેનો વીડિયો બનાવી હનીટ્રેપમાં ફસાવીને રૂપિયા પડાવતી ગેંગનો બી ડિવિઝન પોલીસે પર્દાફાશ કર્યો છે. મૂળ રાજસ્થાની અને બહુચરાજી પાસેના નાવિયાણી ગામે રહેતા યુવકને મહેસાણા રેલવે સ્ટેશનથી રિક્ષામાં બેસાડી ભાડે રાખેલા મકાનમાં લઈ જઈ યુવતી પાસે કપડાં કઢાવી તેનો વીડિયો ઉતારી રૂ.1.05 લાખ ખંખેરી લીધા હતા. યુવકની ફરિયાદ આધારે પોલીસે હનીટ્રેપમાં ફસાવીને રૂપિયા પડાવતી આ ગેંગ પૈકી બે મહિલા અને એક યુવક સહિત ત્રણની ધરપકડ કરી છે. જ્યારે એક યુવતી અને યુવકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

મૂળ રાજસ્થાનના અજમેરનો અને હાલ દસાડા તાલુકાના નાવિયાણી ગામે રહી ટ્રાન્સપોર્ટ કંપનીમાં નોકરી કરતો દેવેન્દ્ર શ્રીચંદ્રકાંત રાજપુત ગત 28 જુલાઈના રોજ વતન જવા માટે બહુચરાજીની હાંસલપુર ચોકડીએ ઊભો હતો. તે સમયે એક સ્ત્રી તેની પાસે આવી હતી અને કામ (સેક્સ) કરવું છે કહેતાં તેણે ના પાડી હતી. જેથી આ સ્ત્રીએ પોતાની પાસે એક છોકરી છે તેમ કહી તેનો મોબાઈલ નંબર આપ્યો હતો.

ધાનેરામાં લાયસન્સ વગરની મટનની દુકાન બંધ કરાવાઈ

ભાસ્કર ન્યૂઝ | ધાનેરા

ધાનેરામાં લાયસન્સ વગર ગેરકાયદેસર ધમધમતી માંસ-મટનની દુકાનો પવિત્ર શ્રાવણ માસની શરૂઆતમાં જ કાર્યવાહી કરી બંધ કરાવી હતી. નગરપાલિકાએ ટીમ બનાવી દુકાનો બંધ કરાવી હતી.ચીફ ઓફિસરની સૂચનાથી શહેરમાં શ્રાવણ મહિનામાં માંસ-મટનની દુકાનો બંધ કરાવવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જોકે,પાલિકા દ્વારા કાર્યવાહી કરાતા અનેક દુકાનદારો દુકાનો બંધ કરી નીકળી ગયા હતા. તેમ છતાં પાલિકાના અધિકારીઓ દ્વારા કેટલાક દુકાનદારોને બોલાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. વધુમાં જણાવ્યું હતું કે, હજુ પણ શ્રાવણ માસ દરમિયાન અનેક વખત તપાસ કરી દુકાનો ચાલુ હશે તો બંદ કરાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

હવે કડીમાં સમોસાની ચટણીમાં ગરોળી અને લોટમાં ઈયળોનો વીડિયો વાયરલ

મહેસાણા ફૂડ વિભાગે સમોસાના વેપારીના ઘરે રેડ કરી નમૂના લીધા

ભાસ્કર ન્યૂઝ | કડી

ગુજરાતમાં ફાસ્ટફૂડ અને જંકફૂડમાં જીવજંતુ, ગરોળી વગેરે નીકળવાના બનાવો અવાર નવાર સામે આવે છે. ત્યાં હવે કડીમાં સમોસાની ચટણીમાં ગરોળી પડેલી છે અને સડી ગયેલા લોટથી વેપારી ઘરે સમોસા બનાવતો હોવાનો વીડિયો વાયરલ થયો છે. જેને લઈ હરકતમાં આવેલા મહેસાણા ફૂડ વિભાગે મેદાનો લોટ અને સમોસાનાં સેમ્પલ લઈ પરીક્ષણ માટે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઉમેશ ગુપ્તા નામનો શખ્સ માણસો રાખીને તેના ઘરે જ સમોસા બનાવી શહેરની ભાગ્યોદય હોસ્પિટલ બહાર તેનું વેચાણ કરે છે. તેની શિવશક્તિ કોમ્પલેક્ષમાં અને ધવલ પ્લાઝામાં ફાસ્ટફૂડની દૂકાન છે. તેનો ભાઈ ડ્રીસ્કો તેલ અને આટા મિલની ફેક્ટરી ધરાવે છે. ઉમેશ ગુપ્તાના ઘરે સમોસા બનાવવા માટેનો આટો સડી ગયેલો અને ઈયળો પડેલા આ આટામાંથી સમોસા બનાવી રહ્યા છે, જ્યારે સમોસાની ચટણીમાં ગરોળી પડેલી દેખાય છે તેવો વીડિયો સોમવારે સોશિયલ મીડિયામાં વાયરલ થતાં શહેરમાં ચકચાર મચી ગઈ હતી. વીડિયો વાયરલ થતાં મહેસાણા ફૂડ વિભાગે કડીમાં રેડ કરી ઉમેશ ગુપ્તાના ઘરેથી અધિકારીઓ દ્વારા મેંદાનો લોટ અને સમોસાનાં સેમ્પલ લઈ તપાસ માટે મોકલી આપવામાં આવ્યાં હતાં.

અમીરગઢના વિરમપુરની પ્રમુખ વિદ્યાલય શ્રાવણ માસમાં શિવ ભક્તિના રંગે રંગાઈ

પહેલા ભગવાનની પૂજા કરે છે પછી છાત્ર વર્ગખંડમાં દાખલ થાય છે

ભાસ્કર ન્યૂઝ | પાલનપુર

અમીરગઢ તાલુકાના વિરમપુર ગામની પ્રમુખ વિદ્યાલયમાં શ્રવણ માસ દરમ્યાન શાળામાં જ શિવલિંગની પૂજા અર્ચના કર્યા બાદ શિક્ષણકાર્ય શરૂ કરે છે. પ્રમુખ વિદ્યાલયમાં જુદા જુદા 6 જ્યોતિર્લિંગની સ્થાપના કરવામાં આવી છે અને શાળામ્રે આવતા બાળકો આ 6 જ્યોતિર્લિંગની ભક્તિભાવ પૂજા અર્ચના કરે છે જેને લઈને શાળામાં પણ ભણતરની શરૂઆત પહેલા જ ભક્તિમય માહોલ સર્જાઈ જાય છે. આખો શ્રાવણ માસ આ રીતે શિવભક્તિ સાથે શાળામાં ઉજવાશે. પ્રમુખ વિદ્યાલય વિરમપુરના આચાર્ય રાજેશ ભાઉ રામચંદ્રે જણાવ્યું કે પછાત અમીરગઢ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના લોકોમાં સનાતન વિષે વધુ જ્ઞાન નથી તો આ શાળા થકી આ વિસ્તારમાં સનાતન ધર્મનો બહોળો પ્રચાર થાય અને હિન્દુ સંસ્કૃતિ વિષે લોકો જાણે તે હેતુ થી આ પહેલ કરવામાં આવી છે. નાની ઉમર થી જ આ બાળકોને સનાતન ધર્મ વિષેની સુંદરતાનો આભાસ શાળા દ્વારા કરાયો છે. આ બાળકો ને જો ધર્મ અને ભગવાન થી હાલ થી જ જોડવામાં આવશે તો જીવન ભર તે

આખું વર્ષ ભક્તિમય માહોલ રહે છે:છાત્રા

આ શાળામાં સતત બારે માસ ભગવાન ની પૂજા કરવામાં આવે છે. અને વાર તહેવારે અનેકો પ્રોગ્રામ પણ કરવામાં આવે છે. જેને લઈને શાળામાં અભ્યાસ કરતા બાળકો ને સનાતન ધર્મનું જ્ઞાન અને ભગવાન ની પૂજા આમ બંને લાભ મળતા હોય છે. **ભૂમીશર્મા : વિદ્યાર્થિની**

તેમના દિલ અને દિમાગ માં રહેશે.'

નોંધનીય છે કે રામ મંદિરના ઉદ્ઘાટન સમયે આ શાળા એ હાજરી પૂરતી વખતે જય શ્રી રામ બોલવાની પહેલ શરૂ કરી હતી જેને દેશવાસીઓ એ બિરદાવી હતી. અને તેનો વીડિયો અયોધ્યા મંદિરના ઓફીસીઅલ ટ્વિટર પેજ ઉપર શેર કરવામાં આવ્યો હતો. જેને કરોડો લોકોએ નિહાળ્યો હતો.

Change Of Name/Surname
My Old Name/Surname is **Parekh Mehul Rajeshkumar** And Change To New Name/Surname is **Parekh Mehulkumar Rajeshkumar**
At. : B-17,18, Anupam Society, B/h. Dipak Hotel, Kant Road, Deesa, Dist-Banaskantha, Pin-385535

Change Of Name/Surname
My Old Name/Surname is **Parekh Bhavisha Mehul** And Change To New Name/Surname is **Parekh Bhavisha Mehulkumar**
At. : B-17,18, Anupam Society, B/h. Dipak Hotel, Kant Road, Deesa, Dist-Banaskantha, Pin-385535

Change Of Name/Surname
My Old Name/Surname is **Mohnani Jagdishkumar Revumal** And Change To New Name/Surname is **Mohnanni Jagadishkumar Renumal**
At. : Pipajinagar Society, Deesa, Dist-Banaskantha, Pin-385535

Public Notice

1, Paramtap Y. Raval Advocate, under the instructions and consent of my Client namely Rekhaben Rameshkumar Chaudhary hereby declare by notice thatMy client namely Rekhaben Rameshkumar Chaudhary is the owner of said property and possessing Non agricultural immovable property for residential purpose regarding to Revenue Survey No. 1130 Paiki Consolidated City Survey No. 13024 Piot No. 96 total Plot area 94-50 Sq. Mt. i.e. 1016-82 Sq. Ft. Situated At Palanpur, Ta:- Palanpur, Dist: Banaskantha, Gujarat by way of Ownership and purchased from Vijaykumar Kishanlal Modi by registered Sale Deed No. 6890 on dated 29/06/2024.

Here mentioned property is at present in the possession of Rekhaben Rameshkumar Chaudhary in records and wanted to take loan on the said property.

After investigation of Original Deeds & documents of the said property, my client has in his possession (1) Original registered Sale Deed No. 6890 on dated 29/06/2024, (2) Original registered Sale Deed No. 1789 on dated 26/03/2015 & (3) Original registered Sale Deed No. 669 on dated 19/02/2007. My Client have total 3 (Three) Original Sale Deeds.

After investigation of Original Deeds & documents of the said property, under mentioned Original Deeds & documents as (1) Original registered Sale Deed No. 592 on dated 06/03/1992 with Registration Receipt has been lost anywhere by mistaken. My Client have not total 1 (One) Original Sale Deeds with Registration.

Above namely my client Rekhaben Rameshkumar Chaudhary demanding Title Clearance Certificate from me regarding to above stated properties. So far here mentioned properties and its documents & Deeds is concerned, if any person have any kind of right, Share, Partnership, Interest, Mortgage, Sale, Attachment, Request or anyCharge or Encumbrances, be present or produce proper document with appropriateproof of the said properties within (15 Days) Fifteen days after publishing notice.Otherwise after passing out the time limit mentioned in the said notice, all kind ofrights will be waived is assumed.

At:- Palanpur
Dt: 06/08/2024

With consent and instructions of my client
Place of Receiving of objections:

Paramtap Y. Raval (Advocate)
Office Address:- Third Floor, Nava Bus Station, CollegeRoad, At:- Palanpur, Dist:- Banasksantha. Mo:-91+98250 82597

DEBTS RECOVERY TRIBUNAL-I
Ministry of Finance, Department of Financial Service, Government of India 4th Floor, Bhikhubhai Chambers, Nr. Kochrab Ashram Ellisbridge, Paldi, Ahmedabad-380 006

FORM NO.22 (Earlier 62) (Regulation 37 (1) DRT Regulations, 2015]
(See Rule 52 (1) of the Second Schedule to the Income-tax Act, 1961)
E-AUCTION/SALE NOTICE
THROUGH REGD.AD/DASTI/AFFIXATION/BEAT OF DRUM
PROCLAMATION OF SALE UNDER RULES 38, 52(2) OF SECOND SCHEDULE TO THE INCOME TAX ACT, 1961 READ WITH THE RECOVERY OF DEBTS DUE TO BANK AND FINANCIAL INSTITUTIONS ACT, 1993

R.C.No.167/2020 | O.A.No.154/2019

Certificate Holder | Baroda Gujarat Gramin Bank | V/S
Certificate Debtors | M/s Shree Sundha Cold Storage & Ors

To,

CD No.1	**M/s Shree Sundha Cold Storage** Dama, Taluka, Deesa, Dist-Banaskantha
CD No.2	**Shri Ukaj Valaji jat** Lakhmipura, Post Vamoda, Taluka-Deesa, Dist-Banaskhantha
CD No.3	**Shri Bharataji Ganeshji** Lakhmipura, Post Vamoda, Taluka-Deesa, Dist-Banaskhatha
CD No.4	**Shri Bharataji Naranaji Jat** Yavarpura, Po-Kansari, Taluka-Deesa, Dist-Banaskhatha
CD No.5	**Shri Venaji Keshaji** Lakhmipura, Post Vamoda, Taluka-Deesa, Dist-Banaskantha
CD No.6	**Shri Kapuraji Iraji Jat** Lakhmipura, Post Vamoda, Taluka-Deesa, Dist-Banaskantha
CD No.7	**Shri Kapuraji Ladhaji Jat** Lakhmipura, Post Vamoda, Taluka-Deesa, Dist-Banaskantha
CD No.8	**Shri Umajl Nathaji Jat** Rampura, Taluka-Deesa 002C. Dist-Banaskantha
CD No.9	**Shri Bhuraji Ganeshji Jat** Lakhmipura, Post Vamoda, Taluka-Deesa, Dist-Banaskantha
CD No.10	**Shri Rameshkumar Naranji Jat** Lakhmipura, Post Vamoda, Taluka-Deesa, Dist-Banaskantha

The under mentioned property will be sold by Public E-auction sale on 12th Day Of September, 2024 for recovery of sum of Rs. 5,87,26,350/- (Rupees Five Crores Eighty Seven Lacs Twenty Six Thousand Three Hundred Fifty Only) plus interest and cost payable as per Recovery Certificate issued by Hon'ble Presiding *Officer*, DRT-I (less amount already recovered, if any), from M/s Shree Sundha Cold Storage & Ors.

DESCRIPTION OF PROPERTY

No. of Lots	Description of the property to be sold with the names of the co owners where the property belongs to defaulter and any other person as co-owners	Revenue assessed upon the property or any part thereof	Details of any other encumbrance to which property is liable	Valuation also state Valuation given if any by the certificate Debtor	Claims, if any which have been put forward to the property, and any other known particulars bearing on its nature and value.	Reserve Price below which the property will not be sold	EMD 10% of Reserve Price of Rounded off
1.	2.	3.	4.	5.	6.	7.	8.
Lot No.						Reserve Price in Rs.	10% EMD in Rs.
1.	Agriculture Land of Revenue Survey No, 45P5/ P1 + 45P5/P2 + 54P2 + 56P3 (New R.S. no. 89+90+93+99). •A.c.no. = 306 (New A/cno. 406) •Total area admeasuring 2-90-14 Hactare At: Jenal, Ta: Deesa, Dist-Banaskantha	Not Known	Not Known	No	Not Known	27,00,000/-	2,70,000/-
2.	Agriculture Land of Revenue Survey No. 60P4 + 60P5(New R.S. no. 149 + 148).A.c.no. =308+83 (New A/cno. 408 + 183) Total area admeasuring 1-83-90 Hactare At: Jenal, Ta: Deesa, Dist:Banaskantha	Not Known	Not Known	No	Not Known	17,00,000/-	1,70,000/-
3.	Agriculture Land of Revenue Survey No. 124 /P2 (NewR.S. no. 470), A.c.no. = 500 (New A/c no. 600) Total area admeasuring 1-72-69 Hactare At: Jenal, Ta: Deesa, Dist:Banaskantha	Not Known	Not Known	No	Not Known	16,00,000/-	1,60,000/-

1.Auction/bidding shall only be through online electronic mode through the e-auction website i.e. https://www.drt.auctiontiger.net.
2.The intending bidders should register the participation with the service provider-well in advance and get user ID and password for participating in E-auction. It can be procured only when the requisite earnest money is deposited in prescribed mode below.
3.EMD shall be deposited by through RTGS/NEFT Latest by till 4.00 PM on 10.09.2024 as Per details as under.

Bank Name and Address	Baroda Gujarat Gramin Bank, Deesa, Banaskantha
Account Name	Sudry- Deposit NEFT
Account No,	73650013201017
IFSC Code	BARB0BGGBXX
Branch	Deesa

EMD deposited thereafter shall not be considered for participation In the e-auction.
4.In addition to above, the copy of PAN Card, Address Proof and Identity Proof, E-mail ID, Mobile Number, in case of the company, copy of board resolution passed by the Board of Directors of the company or any other document confirming representation/attorney of the company and the Receipt/Counter File of such deposit should reach to the said service provider through e-auction website by uploading softcoples on or before 4:00 PM on 10.09.2024 and also hard copies alongwith EMDs deposit receipts should reach at the *Office* of Recovery *Officer*-1, DRT-I, Ahmedabad by 10.09.2024. It Is also held that earnest money of unsuccessful bidders shall be returned back In the respective accounts such bidders through the same mode of payment.
5.Prospective bidder may avail online training from service provider:

Name of Auction Agency	M/s e-procurement Technologies Ltd. (Auction Tiger)
Address	Head Office: B-704, Wall Street-II, Opp. Orient Club, Near Gujarat College, Ellisbridge, Ahmedabad-380006, Gujarat (India).
Contact Person	Mr.Ram Sharma (Mo.8000023297)
Helpline Nos.	9265562818/ 9265562821/ 079-68138642/6869
Email Address	support@auctiontiger.net & ramprasad@auctiontiger.net
For any property related queries may contact	Mr. Gaurang Desai (Chief Manager) (Mo. No.7069607923)

6. Prospective bidders are advised to visit website https://www.drt.auctiontiger.net for detailed "terms & conditions and procedure of sale before submitting their bids.
7. The property shall not be sold below the reserve price.
8.The property shall be sold in 03 lots, with Reserve Price as mentioned above against each lot.
9. The bidder shall improve *offer* in multiples of Rs. 10,000/- for each lot during entire auction period.
10.The property shall be sold "AS IS WHERE BASIS" and shall be subject to other terms and conditions as published on the *official* website of the e-auction agency
11.The highest bidder shall have to deposit 25% of his final bid amount after adjustment of EMD already paid, by immediate next bank working day by 4:00 P.M. through RTGS/NEFT in the account as mentioned above.
12. The successful bidder/auction purchaser shall deposit the balance 75% of sale consideration amount on or before 15th day from the date of sale of the property. If the 15th day is Sunday or other Holiday, then on immediate first bank working day through RTGS/NEFT in the account as mentioned above. In addition to the above, the purchaser shall also deposit poundage fee @1% on total sale consideration money (plus Rs.10) through DD in favour of The Registrar, DRT-I, Ahmedabad. The DD prepared towards poundage's fees shall be submitted directly with the *office* of Recovery *Officer-I*, DRT-I, Ahmedabad.
13.In case of default of payment within the prescribed period, the deposit, after deduction the expenses of the sale, may, if the undersigned thinks fit, be forfeited to the Government Account and the defaulting purchaser shall forfeit all claims to the property or the amount deposited. The property shall be resold forthwith, after the issue of fresh proclamation of sale. Further the purchaser shall also be liable to make good of any shortfall or *differe*nce between his final bid amount and the price for which it is subsequently sold.
14.The successful bidder should note that TDS and GST liability, if any, arising out of sale o properties will have to be borne by the successful bidder separately over and above the sale consideration amount and shall not be deducted from sale consideration amount confirmed by this forum.
15.Schedule of auction is as under:-

Date and Time of Inspection	28.08.2024	Between 02.00 PM To 4.00 PM
Date of uploading proof of EMD and other documents on E-auction website	10.09.2024	up to 04.00 pm
Last date of submissions of hard copies of proof of EMD and other documents with office of the Recovery officer-I	10.09.2024	up to 05.00 pm
Date and Time of E-Auction :	12.09.2024	Between 12.00 Noon to 1.00 Pm (with auto extension Clause of 5 minutes till auction completes)

16.The Recovery Officer has the absolute right to accept or reject any bid or bids or to postpone or cancel the e-auction without assigning any reasons
Issued under my hand and seal of this Tribunal on this 10th Day July, 2024.

(Love Kumar)
Recovery Officer-I
DRT-I, Ahmedabad